# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 14-09-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પીએમ મોદી આવતીકાલે ઝારખંડથી 6 વંદે ભારત ટ્રેનોનો પ્રારંભ કરાવશે
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે દિલ્હીમાં ચોથા અખિલ ભારતીય રાજભાષા સંમેલનને સંબોધિત કરશે, દેશભરમાં હિન્દી દિવસ પ્રસંગે વિવિધ કાર્યક્રમોની ઉજવણી.
- ✓ જમ્મૂ કાશ્મીરના કિશ્તવાડમાં આંતકવાદીઓ સાથેની અથડામણમાં સેનાના બે જવાન શહીદ, અન્ય બે ઇજાગ્રસ્ત
- ✓ હવામાન વિભાગ દ્વારા પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર તેમજ ઝારંખડના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી
- ✓ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટુર્નામેન્ટમાં ભારત આજે અંતિમ પુલ મેચમાં પાકિસ્તાન સામે ટકરાશે.

## *PM-VANDE BHARAT*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઝારખંડના જમશેદપુરમાં છ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપશે. સમારોહ દરમ્યાન આ એક્સપ્રેસ ટ્રેનોને ટાટાનગર રેલ્વે સ્ટેશન પરથી રવાના કરાશે. આ ટ્રેનો ઝારખંડને અન્ય રાજ્યો સાથે જોડશે. આ ટ્રેનો રેલ્વે નેટવર્કના વર્તમાન આધુનિકીકરણ અને કનેક્ટિવિટી વધારવા માટે સરકારનો પ્રયાસ છે.**

આ સિવાય ઝારખંડમાં અનેક રેલવે પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કરવામાં આવશે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે સાંજે ટાટાનગર રેલ્વે સ્ટેશનની મુલાકાત લઈને વંદે ભારત ટ્રેનો શરૂ કરવાની તૈયારીઓની સમીક્ષા કરશે.

પ્રધાનમંત્રી આવતીકાલે જમશેદપુરના ગોપાલ મેદાનમાં જનસભાને પણ સંબોધિત કરશે. આ અગાઉ પ્રધાનમંત્રી વોલ્ટાસ ગોલચક્કરથી ગોપાલ મેદાન સુધી દોઢ કિલોમીટર લાંબો રોડ-શો પણ કરશે.

.................

## *PMAY-SHIVRAJ*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે જમશેદપુરમાં એક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણનો પ્રથમ હપ્તો ઝારખંડના લાભાર્થીઓના ખાતામાં જમા કરાવશે.

ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી રાજ્યના લગભગ વીસ હજાર લાભાર્થીઓને સ્વીકૃતિ પત્રોનું વિતરણ કરશે અને લાભાર્થીઓના બેંક ખાતામાં પાંચ કરોડથી વધુ રૂપિયા સીધા ટ્રાન્સફર કરવામાં આવશે. તેમણે કહ્યું કે છેતાળીસ હજાર લાભાર્થીઓના નવા બનેલા મકાનોમાં તમન ગૃહ પ્રવેશ સમારોહનું પણ આયોજન કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી સોમવારે ગુજરાતમાં અને મંગળવારે ઓડિશા સહિત જ્યાં આદર્શ આચાર સંહિતા લાગુ નથી તેવા અન્ય તમામ રાજ્યોમાં લાભાર્થીઓને હપ્તા ટ્રાન્સફર કરશે. શ્રી ચૌહાણે કહ્યું કે પ્રધાનમંત્રી આવાસ+2024 એપનો પણ આરંભ કરશે. તેનો ઉદ્દેશ્ય પાત્ર લાભાર્થીઓને યાદીમાં સમાવીને મકાનોની ફાળવણી સુનિશ્ચિત કરવાનો છે. તેમણે કહ્યું કે, સરકાર સમાજના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે અને PMAY-G હેઠળ બાંધવામાં આવેલા મકાનો મનરેગા, સ્વચ્છ

ભારત મિશન, જલ જીવન મિશન, ઉજ્જવલા યોજના અને સૂર્ય ઘર મફત  વીજળી યોજના જેવી અન્ય કલ્યાણકારી યોજનાઓ સાથે જોડાયેલા છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આ યોજના દ્વારા આગામી પાંચ વર્ષમાં 3 લાખ 6 હજાર કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બે કરોડ વધારાના મકાનો બનાવવામાં આવશે. શ્રી ચૌહાણે એમ પણ કહ્યું  કે, કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજનાનો ચોથો તબક્કો શરૂ કરી રહી છે. યોજના હેઠળ  70 હજાર કરોડ રૂપિયાથી વધુના ખર્ચે 62 હજાર 500 કિલોમીટર લાંબા તમામ હવામાન માટેના રસ્તાઓ  બનાવવામાં આવશે.

.................

## *HINDI DIWAS-SHAH*

દેશભરમાં આજે હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષ 1949 માં બંધારણ સભાએ દેવનાગરી લિપિમાં હિન્દી ભાષાને 14  સપ્ટેમ્બરના રોજ દેશની રાજભાષા તરીકે મંજૂરી આપી હતી. હિન્દીએ વિશ્વની સૌથી વધુ બોલાતી ભાષાઓમાંની એક છે અને 52 કરોડથી વધુ લોકોની પ્રથમ ભાષા છે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં રાજભાષા હીરક જયંતી સમારોહ અને ચોથી અખિલ ભારતીય રાજભાષા પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરશે.  રાજભાષા વિભાગે હિન્દીને રાજભાષા બનવાના 75 વર્ષ પૂરા થયા તેના ઉપલક્ષમાં આ સમ્મેલનનું આયોજન કર્યું છે.

આ પ્રસંગે શ્રી શાહ રાજભાષા ભારતી સામયિકના હીરક જયંતી વિશેષ અંકનું વિમોચન કરશે અને રાજભાષા ગૌરવ તથા રાજભાષા કીર્તિ એવોર્ડ પણ એનાયત કરશે.

.................

## *VP VISIT-MAHARASHTRA*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી મહારાષ્ટ્રની બે દિવસીય મુલાકાતે છે. શ્રી ધનખડ આવતીકાલે મુંબઈમાં એલ્ફિન્સ્ટન ટેકનિકલ કોલેજ ખાતે એક કાર્યક્રમમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્યભરની 434 ITI માં બંધારણ મંદિરોનું ઉદ્ઘાટન કરશે. આ બંધારણ મંદિર બંધારણના ઉપદેશોને સમર્પિત છે અને ભારત રત્ન ડૉ. બી.આર. આંબેડકરના વિચારોના પ્રસારને સરળ બનાવવા માટે રચાયેલ છે. ઉપરાષ્ટ્રપતિ એ જ દિવસે નાગપુરમાં રામદેવબાબા યુનિવર્સિટીમાં ડિજિટલ ટાવરનું ઉદ્ઘાટન પણ કરશે.

.................

## *SHAH-NATIONAL SECURITY CONF*

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે નવી દિલ્હીમાં સાતમી રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચના પરિષદ 2024નું ઉદ્ઘાટન કર્યું હતું. બે દિવસીય સમ્મેલન દરમિયાન સરકાર રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને કેન્દ્રીય પોલીસ સંગઠનોના ટોચના પોલીસ નેતૃત્વ સાથે ઉભરતા રાષ્ટ્રીય સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે રોડમેપની રૂપરેખા તૈયાર કરશે. શ્રી શાહે DGSP અને IGSP સમ્મેલન રેકમેન્ડેશન ડેશબોર્ડ પણ લોન્ચ કર્યું. આ ડેશબોર્ડ રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આ સમ્મેલનમાં દેશભરમાંથી 750 થી વધુ અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે, આ સમ્મેલન વર્ચ્યુઅલ અને પ્રત્યક્ષ એમ બંને રીતે સંયોજિત કરીને હાઇબ્રિડ ફોર્મેટમાં આયોજિત કરવામાં આવ્યું છે. અગાઉ, ગૃહમંત્રીએ શહીદ સ્તંભ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને સર્વોચ્ચ બલિદાન આપનાર વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

.................

## *REV J&K-ENCOUNTER*

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં સેનાના બે જવાન શહીદ થયા છે અને અન્ય બે ઇજાગ્રસ્ત થયા છે.

મળેલી ગુપ્ત માહિતીને આધારે સુરક્ષા દળોએ કિશ્તવાડ જિલ્લાના છત્રુ બેલ્ટના નૈડગામ વિસ્તારમાં સંયુક્ત ઘેરાબંધી અને શોધ અભિયાન શરૂ કર્યું. ઓપરેશન દરમિયાન નૈડગામ ગામની ઉપરના પિંગનાલ દુગડ્ડા જંગલ વિસ્તારમાં સુરક્ષા દળો અને છુપાયેલા આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર થયો હતો. જેમાં ચાર જવાનોને ગોળી વાગતા તેઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આકાશવાણી જમ્મુના સંવાદદાતાએ જણાવ્યું કે જૈશ-એ-મોહમ્મદના ચાર આતંકવાદીઓ આ વિસ્તારમાં છે. હાલ ઓપરેશન ચાલુ છે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.

.................

## *FSSAI-ADULTERATED SWEETS*

ભારતીય અન્ન સલામતી અને ધારાધોરણ સત્તામંડળ - FSSAI એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તહેવારોની મોસમમાં ભેળસેળયુક્ત મીઠાઇઓનાં ઉત્પાદન અને વેચાણ પર કડક દેખરેખ રાખવાની સૂચના આપી છે. FSSAI એ ભેળસેળયુક્ત મીઠાઇઓ બનાવતી દુકાનો પર નિયંત્રણ રાખવા વારંવાર ઝૂંબેશ ચલાવવા પણ જણાવ્યું છે.

એક પત્રમાં FSSAIએ જણાવ્યું છે કે, તહેવારોની મોસમમાં મીઠાઇઓ, સ્વાદિષ્ટ ચીજો, દૂધ, ઘી, માવા અને પનીર જેવી ચીજોની માંગ વધતી હોય છે, આને કારણે કેટલાંક દુકાનદારો આ ચીજોમાં ભેળસેળ કરવા પ્રેરાય છે. આવી દુકાનો પર વિશેષ દેખરેખ રાખવાથી ગેરરિતી થતી અટકશે. FSSAI એ અગ્રણી બજારોમાં ફુડ સેફ્ટી ઓન વ્હિલ્સ તૈનાત કરવાનું સૂચન કર્યું છે.

.................

## *CBSE ACTION*

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ -સીબીએસઈએ નિયમોની અવહેલના કરનાર રાજસ્થાન અને દિલ્હીની 27 શાળાઓને કારણ દર્શાવો નોટિસ જાહેર કરી છે. CBSE એ એક યાદીમાં જણાવ્યું હતું કે, તેણે આ શાળાઓમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી જેને લીધે શાળાઓની કામગીરીમાં અનેક પ્રકારની ત્રુટીઓ સામે આવી હતી. જેમાં મુખ્યરૂપે શાળા પ્રવેશ નોંધણી અને હાજરીમાં નિયમોનો ભંગ થયો હોવાનું સામે આવ્યું હતું. જેમાં દિલ્હીની 22 અને અજમેરની પાંચ શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ થાય છે. તપાસમાં બહાર આવ્યું છે કે, શાળાઓએ ધોરણ 11 અને 12માં મોટાભાગે એવા વ્યક્તિઓના નામની નોંધણી કરી છે જેઓ શારીરિક રીતે વર્ગોમાં હાજરી આપતા નથી. જેના લીધે શિક્ષણની ગુણવતા અને વિધાર્થીઓની સલામતી સાથે ચેડાં થાય છે.

.................

## *IMD-WEATHER*

હવામાન વિભાગે પશ્ચિમં બગાળ, ઓડિશા, બિહાર, ઝારખંડ અને છત્તીસગઢના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને ઉત્તરાખંડના અંતરિયાળ ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણીપુર અને બિહારમાં આગામી બેથી ત્રણ દિવસમાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા છે. દરમિયાન દિલ્હી અને એનસીઆરમાં આજે છૂટોછવાયો વરસાદ પડી શકે છે.

.................

## *HOCKEY-ASIAN CHAMPIONS TROPHY*

હોકીમાં, પુરૂષોની એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી સ્પર્ધામાં વર્તમાન ચેમ્પિયન ભારત આજે ચીનના હુલુનબુઈર ખાતે પાંચમી અને અંતિમ પૂલ મેચમાં કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટકરાશે. મેચ ભારતીય સમય અનુસાર બપોરે સાવ એક વાગે શરૂ થશે.

ચાર વખતના ચેમ્પિયન ભારત સાઉથ કોરિયા સામે લીગ સ્ટેજમાં સતત ચોથી જીત મેળવ્યા બાદ પહેલાથી જ સેમિફાઇનલ માટે ક્વોલિફાય કરી ચૂકયું છે. હરમનપ્રીત સિંહની નેતૃત્વમાં ટીમ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી અજેય રહી છે. ભારતીય ટીમ હાલમાં બાર પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે અને પાકિસ્તાન સામેના પરિણામને ધ્યાનમાં લીધા વિના રાઉન્ડ- રોબિન તબક્કામાં પ્રથમ સ્થાન મેળવશે.

છ ટીમોની સ્પર્ધા રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં રમાઈ રહી છે, જેમાં ટોચની ચાર ટીમો 16 સપ્ટેમ્બરે સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે. ફાઈનલ 17 સપ્ટેમ્બરે રમાનાર છે.

.................

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો

- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટે જામીન આપતા કેજરીવાલ 177 દિવસ જેલમાંથી મુક્ત થયા - આ સમાચારને આજે મોટાભાગના અખબારોએ પ્રથમ પણે સ્થાન આપ્યું છે.
- દિવ્યભાસ્કર લખે છે કે - કેજરીવાલ 177 બાદ તિહાડમાંથી મુક્ત, પાંખ વિનાની આઝાદી..
- નવગુજરાત સમય લખે છે કે -દિલ્હીના સીએમ કેજરીવાલને જામીન આપતા સુપ્રીમ કોર્ટે સીબીઆઈની ઝાટકણી કાઢી
- જયારે હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે કે- જસ્ટિસ ભુઇયા ને કહા -પિંજરે મેં બંધ તોતા હોને કી ધારણા દૂર કરે કેજરીવાલ
- આ ઉપરાંત અન્ય મહત્વના સમાચારોમાં હિંડનબર્ગે અદાણી જૂથ મુદ્દે કરેલા દાવાના સમાચારને કેટલાક અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે..
- જેમાં ગુજરાત સમાચાર લખે છે કે - સ્વિસ બેંકે અદાણીના 2600 કરોડ રૂપિયા ફ્રીઝ કર્યાનો હિંડનબર્ગનો દાવો

- નવગુજરાત સમાચાર લખે છે કે - અદાણી જૂથના સ્વિસ ખાતામાંથી રૂપિયા 2610 કરોડ ફ્રીઝ કરાયાનો હિંડનબર્ગનો દાવો
- આ ઉપરાંત ગુજરાત સંદેશ દૈનિક માં  જણાવાયું છે કે - અનિયમિત હવામાન પર નિયંત્રણ માટે કેન્દ્ર સરકારે 2 હજાર કરોડ ના મિશન મોસમ યોજનાને મંજૂરી આપી
- તેમજ દિવ્યભાસ્કર જણાવે છે કે- ધોળાવીરા પાસે આવેલ પ્રાચીન પથ્થરોની ખાણ પણ હવે કેન્દ્રીય રક્ષિત સ્મારકમાં સમાવિષ્ટ કરાઈ.

------------------------